# સતોષ

ઘણા વર્ષો પહેલાની આ વાત છે. સોનપુર નામનુ એક ગામ હતુ. ગામ નાનુ પણ એમા સમૃદ્ધિ ઘણી. વેપાર ધધા ખૂબ  સારા ચાલે અને ખેતીવાડીની ઉપજ પણ ખૂબ સારી.

આ ગામમા ધનપાલ નામે એક ખૂબ જ ધનવાન શ્રેષ્ઠી રહે. ધનપાલને કપાસનો વેપાર. આ વેપારમા વર્ષોથી કામ કરતો. તેનુ ખૂબ નામ થયેલુ. ધનનોય અખૂટ ભડાર ભેગો થયેલો. પરતુ કાળનુ ચક્ર તેના જીવન પર કઈક એવી રીતે ફર્યું કે તેના બધા જ સ્વજનો એક પછી એક સ્વર્ગે સીધાવી ગયા. ધનપાલ સાવ એકલો રહી ગયો. એકાકી અને ધનવાન ધનપાલે પોતાના ધનનો યાગ્ય ઉપયોગ કરવાના હેતુથી દાનનુ વ્રત લીધુ. તેણે ગામમા ઢઢરો પીટાવ્યો કે તેણે દાન કર્યા પછી જ ભોજન કરવાનો નિયમ લીધો છે. આથી પ્રાતઃકાળે તેના ભવન પર જે કોઈ આવશે તેને દાન મળશે.


ગામલોકો તો આ સાભળીને જાણ કે ઘેલા થઈ ગયા. તેના ભવનની પાસે રોજ લોકોની ઠઠ જામતી. ધનપાલ દરેકને કઈ ને કઈ દાનમા આપતો.

આમને આમ દિવસો પસાર થવા લાગ્યા. ધનપાલે જોયુ કે ધીરે ધીરે ગામના ધનવાન લોકો પણ દાન લેવા આવતા થઈ ગયા છે. તેણે વિચાર્યું કે અહીંના લોકોને ઘણુ આપ્યુ. હવે બાજુના કોઈ ગામમા જઈ આ લાભ આપવો જોઈએ.

તપાસ કરતા તેને જાણવા મળ્યુ કે, બાજુમા આવેલા સતોષપુર ગામમા ખૂબ ગરીબાઈ છે. ધનપાલે સતોષપુર જવાનુ નક્કી કર્યું. દાન માટેની મોટી રકમ લઈને તે સતોષપુર ગયો. ત્યાના મત્રીના ભવનમા તેણે ઉતારો કર્યા. મત્રીને પોતાના નિયમની વાત કરી અને ગામમા આ અગેનો ઢઢરો પીટાવી લોકોને જાણ કરવા વિનતી કરી. મત્રીજી તેમની આ વાત સાભળી થોડીવાર વિચારમા પડી ગયા. પછી 'સારુ' કહીને તેમણે નોકરને ગામના ખૂણે ખૂણે ફરી આ સદેશો પહોચાડવાની તાકીદ કરી.

બીજા દિવસે વહેલી સવારથી જ ધનપાલ તેના ઉતારે લોકોની રાહ જોતો બહાર ઓટલા પર બેસી ગયો. ગામની ગરીબાઈ જોઈને તેણે વિચાર્યું કે લોકોની ભીડ જામશે. પણ આશ્ચર્ય! ત્યા કોઈ જ ન આવ્યુ. સાજ ઢળવા આવી ત્યા સુધી એક ચકલુય ત્યા ફરક્યુ નહિ ! ધનપાલના આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે સોનપુર જેવા સમૃદ્ધ ગામમા પણ એવુ તો ક્યારેય બન્યુ ન હતુ કે જ્યારે તેના આગણે કોઈ જ આવ્યુ ન હોય ! તેણે તેના વ્રત મુજબ સવારથી કઈ ખાધ પણ ન હતુ.

ત્યા તેની નજર દૂર એક ટોળા પર પડી. કેટલાક સ્ત્રી–પુરુષોનુ ટોળુ તેના તરફ આવી રહ્યુ હતુ. તેની આગળ મત્રીજી પણ હતા. ‘હાશ.!’ તેને થયુ, ‘અતે લોકો આવ્યા ખરા!’ તેણે ઉમળકાભેર લોકોનુ સ્વાગત કર્યું અને દાન આપવા માટે તિજોરી ખોલવા જતો હતો ત્યા મત્રીજીએ કહ્યુ, ‘શ્રેષ્ઠીજી! આ લોકો દાન લેવા નહીં પણ આપને કઈ કહેવા આવ્યા છે.’



ટોળામાથી એક યુવાન ખેડૂત અને કારીગર જેવા દેખાતા બે–ત્રણ પુરુષો આગળ આવ્યા અને કહેવા લાગ્યા, ‘મહારાજ! અમારા ગામમા બધા જ લોકો પુરુષાર્થમા માનનારા છે. મહેનત કર્યા વિના કઈ પણ મળે એ અમારા માટે ધૂળ બરાબર છે. અમે દાન લેવા નથી આવ્યા. અમે તો આપને વિનતી કરવા આવ્યા છીએ કે આપ અમારા અતિથિ છો અને આપ ભોજન ન કરો તો અમારાથી પણ ભોજન ન કરાય. આથી અમારા ગામના કોઈ આજે જમ્યા નથી ! આપને એક વિનતી છે, એક સોનામહોરનુ દાન અમારા શિવજીના મદિરને કરી આપનુ વ્રત પૂર્ણ કરો અને મહેરબાની કરીને આપ આ ભોજન આરોગા જેથી ગામલોકો પણ જમી શકે !’’

ટોળામાથી બે સ્ત્રીઓએ ભોજન સજાવેલા બે સુદર થાળ ધનપાલ સમક્ષ ગોઠવ્યા. ધનપાલ તો અવાક્ થઈ ગયો. તેણે મત્રી સામે જોયુ. મત્રીએ કહ્યુ, ‘‘મહારાજ, ગઈકાલે મે આપન આ કહ્યુ હોત તો આપ મારી વાત ખોટી માનત. આપને ખાતરી કરાવવા માટે મે આપને રોક્યા નહિ.’’

ધનપાલ ભાવવિભોર થઈ ગામ લોકોની ભાવનાને નિહાળી રહ્યો. લોકોને અભિનદન આપતા તે બોલ્યો, ‘મિત્રો, આજે પહેલીવાર મે જાણ્યુ કે ‘સતોષ’ એ જ સાચુ ધન છે.’

**— ‘તથાગત’માથી સાભાર**

■